**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૯ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૩ ટકા

# ગાંધીનગરમાં ગ્રીષ્મના ગરમાળાનો શણગાર

## ડાળીએ ડાળીએ જેમ પીળા ઘરેણાં પહેર્યા હોય તેમ ગરમાળાના પીળા સુંદર ફૂલો ખીલી ઊઠયા છે : શહેરના ચ માર્ગ અને ઘ માર્ગ પર ગરમાળા ના ફૂલો જાણે પીળી ચાદર પાથરી રહ્યા હોય તેવો અદભુત અને સુંદર નજારો આ ગ્રીષ્મ ઋતુમાં જોવા મળે છે





ગાંધીનગર.તા.૨૨

ઉનાળાની ઋતુનું વિવિધ વૃક્ષોમાંથી એક સુંદર વૃક્ષ એટલે પીળા સોનેરી ફુલોવાળો ગરમાળો. સાહિત્યિક ભાષામાં વર્ણવીએ તો સોનેરી ફુલોવાળો ગરમાળો. સાહિત્યિક ભાષામાં વર્ણવીએ તો સોનેરી ચમકતી અને લહેરાતી પીળી વેણી નાખેલી મોહક રૂપસુંદરી એટલે મુગ્ધ અને મનમોહક વૃક્ષ ગરમાળો. પત્તા વિનાની ખાલી ડાળીઓ ઉપર ઉનાળાની શરૂઆતમાં સુંદર ફૂલો બેસે છે જે લગભગ સપ્ટેમ્બર મહિના સુધી રહે છે. રસ્તા ની બે બાજુ ઉગાડી વૃક્ષમાર્ગની/ એવેન્યુ ટ્રી તરીકે શોભામાં વધારો કરે છે. આ વૃક્ષનું આયુષ્ય લગભગ ૧૬ વર્ષનું હોય છે. ગાંધીનગર - ગ્રીષ્મ - ગરમાળો આ ત્રિવેણી સંગમ અદભુત છે. ગાંધીનગર ના ઘ અને ચ માર્ગો પાસે ગ્રીષ્મ ઋતુમાં પીળી ચાદર પાથરીને આ ગરમાળો અદભુત નજારો કરી મૂકે છે જેને જોઈને કોઈ પણ મંત્ર મુગ્ધ બની જાય છે.ગરમાળાનું વૃક્ષ એટલું જ સુંદર દેખાય છે, જાણે ડાળી ડાળી ઉપર ઘરેણાં પહેર્યા હોય!

ઉનાળાની મોસમ મોટા ભાગ ના લોકો ને પસંદ નથી પડતી કારણ માત્ર એક જ છે કાળઝાળ ગરમી. પરંતુ આ જ ઉનાળો વૃક્ષો ને રંગબેરંગી ફુલડાઓથી સુગંધિત અને સુંદર કરી મૂકે છે. પાનખર બાદ જે વૃક્ષો ની ચમક છે તે આ કાળઝાળ ગરમી આપતા ઉનાળામાં ચમકી ઉઠે છે. જેમાં ગાંધીનગર માં હાલમાં કઈક અલગ જ દ્રશ્યો સર્જાયા છે.

શહેર ના માર્ગો ,ઉદ્યાનો, બાગ બગીચાઓ સુંદર ફૂલો થી મહેકી ઉઠયા છે.જેમાં વિવિધ ફૂલો અને વૃક્ષો ની ચમક ને ફિક્કો પાડવા ગરમાળો ખીલી ઉઠ્યો હોય તેવું આભાસ થઈ રહ્યું છે. પીળા રંગ ના ગરમાળા ના ફૂલો બીજા બધા જ ફૂલો સામે આકર્ષક અને અલગ તરી આવે છે.

ગાંધીનગર માં પ્રવેશ કરતા મુસાફરો માટે આ ગરમાળા ના વૃક્ષો અલૌકિક આકર્ષણ જમાવે છે. ગ્રીષ્મ માં ગાંધીનગર નો ગરમાળો લેખકો અને કવિઓ માટે પણ કઈક નવું લખવા માટે પ્રેરિત કરી મૂકે છે.

ગરમાળો ઔષધિય ઉપયોગ માટે પણ જાણીતું છે. ગરમાળાને સંસ્કૃતમાં વ્યાધિઘાત, નૃપ્રદ્રુમ વગેરે, હિન્દીમાં અમલતાસ, બંગાળીમાં સોનાલૂ તેમજ લેટિનમાં કૈસિયા ફીસ્ચુલા કહેવાય છે. હિન્દી શબ્દસાગર અનુસાર હિંદી શબ્દ અમલતાસ અમ્લ એટલે કે ખટાશ પરથી બન્યો છે. ઢોર ખાય તો માથું ચઢે છે ને ઉલ્ટી થાય તેવું થાય છે, ઘેન ચઢે છે. તેની આ ખટાશના લીધે તેને ઢોર ખાતા નથી, તેમના માટે ઝેરી છે અને તેથી ખુલ્લામાં પણ ઉગાડી શકાય છે.

ઉનાળાની શરૂઆતની આકરી ગરમીમાં જ્યાં પણ ગરમાળાનું ફૂલ આચ્છાદિત વૃક્ષ જુવો તો ચોક્કસ ઉભા રહી તેને માણો અને આંખોને ઠંડક મળે. કોઈ પૂછે કે ક્યાં મળીશું તો કહેવાનું મન થાય કે ગરમાળાના વૃક્ષ નીચે!

# "યાત્રાધામ સ્વચ્છતા અભિયાન" અંતર્ગત અક્ષરધામ મંદિર ખાતે સફાઈ અભિયાન



ગાંધીનગર, તા.૨૨

અખાત્રીજના વિશેષ દિવસે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા "યાત્રાધામ સ્વચ્છતા અભિયાન" અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ના અધ્યક્ષ સ્થાને અક્ષરધામ, ગાંધીનગર ખાતે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ અવસરે મેયર એ જણાવ્યું હતું કે, આવો, આપણે સૌ સ્વચ્છતાની આ સામૂહિક જવાબદારી નિભાવી યાત્રાધામને વધુ સ્વચ્છ-સુંદર બનાવીએ. આ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, સ્ટે. ચેરમેન જશવંતભાઈ પટેલ, શહેર ભાજપ અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, મહામંત્રી કનુભાઈ દેસાઈ, મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, મ્યુ. કમિશનર જે.એન. વાઘેલા, ડે. કમિશનર કેયુરભાઈ જેઠવા, કાઉન્સિલરો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સહયોગથી કુડાસણ ખાતે મેડીકલ કેમ્પ



ગાંધીનગર, તા.૨૨

સ્વ. જશવંતસિંહ રાઠોડ સુપર સ્પેશ્યાલિસ્ટ આયુર્વેદ સેન્ટર, કુડાસણ ખાતે રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના સહયોગથી બપોરે ૧૨ થી સાંજે ૪ કલાક સુધી ફ્રી ડાયાબિટીસ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સચોટ નિદાન સાથે આયુર્વેદ તથા યોગાથેરાપી દ્વારા ડાયાબિટીસ કંટ્રોલ કરવાનું માર્ગદર્શન સહિત ફ્રી સુગર ચેક અપ, ફ્રી ડાયટ કાઉન્સેલિંગ, ફ્રી કન્સલ્ટેશન અને રાહત દરેક દવાઓ આપવામાં આવી હતી. કેમ્પનો લાભ ઘણી મોટી સંખ્યામાં લીધો હતો. દર્દીઓએ ખૂબ જ સારા પ્રતિભાવ આપ્યા હતા. મેડીકલ કેમ્પમાં ડો. સુચિતાબેન ઝવેરી (આયુર્વેદ ફિઝિશિયન) દ્વારા સેવાઓ આપવામાં આવી હતી. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા પ્રદ્યુમનસિંહ ચાવડા સહિત કેમ્પમાં સેવા આપનાર અલ્પેશભાઈ પાટડીયા, કેવલ પટેલ, અમીતભાઈ મોદી, હિરેનભાઈ જસાણીને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યો હતો. સ્વ.જશવંતસિંહ રાઠોડ સુપર સ્પેશ્યાલિસ્ટ આયુર્વેદ સેન્ટર કુડાસણ દ્વારા પણ રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ પાર્થ ઠક્કર સહિત સર્વે રોટરીયનને સન્માનિત કરવામાં આવ્યા હતા.

# ગુજરાત મેન પાવર એસો.ની રચના કરાઈ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર ખાતે સરકારી કચેરીઓ તેમજ ખાનગી ક્ષેત્રે સેવાઓ પૂરી પાડતી તમામ એજન્સીઓનું એક અસોશિએશનની રચના કરવામાં આવી છે. જે અસોશિએશનને ગુજરાત મેન પાવર અસોશિએશન તરીકે ઓળખવામાં આવશે.

આ ગુજરાત મેન પાવર એસોશિએશનના પ્રમુખ તરીકે ગાંધીનગરના અગ્રણી યુવાન મનીષભાઈ પાઠક અને મંત્રી તરીકે રમેશભાઈ મકવાણા, ખજાનીચ તરીકે મનહરભાઈ પરમારની નિમણૂક સહ સંમતિ કરવામાં આવેલ છે.

ઊપસ્થિત સભ્યોએ તમામ હોદેદારોને અભિનદન સહ શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

અસોશિએશનના મંત્રીશ્રી રમેશભાઈ મકવાણા દ્વારા મેનપાવરની કામગીરી કરતી કંપની/એજન્સીઓને આ અસોશિએશનમાં જોડાવા અપીલ કરવામાં આવે છે. મો.૯૮૨૪૯૭૧૭૬૨/ ૯૯૨૪૧૫૯૭૬૭ સંપર્ક કરી પોતાનું સભ્યપદ રજીસ્ટર્ટ કરાવી શકશે.




કોબા ખાતે શ્રી વેરાઈ માતા અને શ્રી રામજી મંદિરના પાટોત્સવ ઉજવાયો હતો. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહીને પ્રભુના દર્શન કરીને સૌનું જીવન મંગલમય બને તેવી પ્રાર્થના કરી હતી. આ વેળાએ ગાંધીનગર મહાનગરપાલિકાના દંડક, કાઉન્સિલરો, આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર, તા.૨૨

૫૦૦ વર્ષે જૂના શ્રી ૧૦૦૮ નેમિનાથ દિગંબર જૈન મંદિર, પેથાપુર,ગાંધીનગર ખાતે ૨૨ એપ્રિલ ને શનિવાર "અખાત્રીજ" ના રોજ મંદિરની વર્ષગાંઠ નિમિત્તે ધ્વજારોહણ મહોત્સવ ની ઊજવણી કરવામાં આવી હતી. અરૂણભાઈ ગાંધી એ ધજારોહણ નો લાભ લીધો હતો. મોટી સંખ્યામાં ધર્મપ્રેમીઓએ ભાગ લીધો.




ઈન્દ્રોડા નેચર પાર્ક, ગીર ફાઉન્ડેશન ખાતે "વિશ્વ પૃથ્વી દિવસ " નિમિત્તે પ્લાસ્ટિક કચરો એકઠો કરી ધરતી માતાને સ્વચ્છ કરવાનાં અભિયાનમાં સરકારી વિજ્ઞાન કૉલેજના વનસ્પતિ શાસ્ત્ર વિભાગ અને ઈકો ક્લબના વિદ્યાર્થીઓએ આચાર્ય ડો.એમ.જી.ભટ્ટની સૂચનાથી સક્રિય ભાગ લીધો અને ધરતી માતાનું ઋણ અદા કર્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ઠાકોર જડીબેન અમરાજી** ઉ.વ.૯૫, મોટી આદરજ
- **સ્વ.જાદવ નરેશભાઈ પોપટભાઈ** ઉ.વ.૪૮, વાવોલ
- **સ્વ.વાઘેલા ભરતસિંહ દલપુજી** ઉ.વ.૫૩, પીપળજ
- **સ્વ.કડીયા કનુભાઈ શાંતિલાલ** ઉ.વ.૬૫, વાવોલ
- **સ્વ.તલાટી નિશાબેન વિનોદચંદ્ર** ઉ.વ.૪૨, મોટી શિહોલી
- **સ્વ.મકવાણા જયંતિભાઈ દીપકભાઈ** ઉ.વ.૨૦, સે-૨૪ છાપરાં

## જન્મદિને વધામણી



કંદર્પ ભટ્ટ